**Extra No. 409**

©

सत्यमेव जयते

# The Gujarat Government Gazette

## EXTRAORDINARY

**PUBLISHED BY AUTHORITY**

**Vol. LXVII ] WEDNESDAY, MAY 13, 2026 / VAISHAKHA 23, 1948**

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

**PART IV-C**

**Statutory Rules and Orders (Other than those published in Parts I, I-A and I-L) made by Statutory Authorities other than the Government of Gujarat including those made by the Government of India, the High Courts, the Director of Municipalities, the Commissioner of Police, the Director of Prohibition and Excise, the District Magistrates and the Election Commission, Election Tribunals, Returning Officers and other authorities under the Election Commission.**

**રાજ્ય ચૂંટણી આયોગ**

**આદેશ**

સચિવાલય, ગાંધીનગર, ૧૩મી મે, ૨૦૨૬

ગુજરાત રાજ્યમાં રચાયેલ સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની ચૂંટણીઓ અને તેને આનુષાંગિક બાબતો માટે રાજકીય પક્ષોની નોંધણી માટે જોગવાઈઓ કરવા બાબતના રાજ્ય ચૂંટણી આયોગના તા.૧૯-૧૧-૨૦૧૧ના આદેશ ક્રમાંક: રાચઆ-ચટણ-સ્થા.સ્વ.-૨૨૧-૧૧૨૦૧૧-ક ના ફકરા નં. ૪ હેઠળ આદેશ.

**ક્રમાંક: રાચઆ-ચટણ-સ્થા.સ્વ.-૨૨૧(૭૭)-નો.ર.નં.૭૩-પ૨૦૨૬-ક-૧૮૪૪૧ થી ૧૮૫૩૩:-** રાજ્યમાં રાજ્ય ચૂંટણી આયોગ દ્વારા યોજાતી સ્વરાજ્યના એકમોની ચૂંટણીમાં રાજકીય પક્ષો પક્ષીય ધોરણે ઉમેદવાર ઉભા રાખી ચૂંટણી લડે તે માટે પક્ષની નોંધણી કરવા આયોગે તા.૧૯-૧૧-૨૦૧૧નો આદેશ કરેલ છે. આ આદેશના ફકરા-૪માં નિર્દેશ કર્યા પ્રમાણે નીચે જણાવેલ પક્ષ તરફથી આયોગને નોંધણી માટે અરજી મળેલ છે.

| | | | |
|---|---|---|---|
| (૧) | પક્ષનું નામ | :- | માલવા કોંગ્રેસ |
| (૨) | સરનામું | :- | ૧૮, નિલાબર આર્કોન, નવરચના યુનિવર્સિટી પાસે,<br>ભાયલી, વડોદરા-૩૯૧૪૧૦ |
| (૩) | પક્ષના અધ્યક્ષ/પ્રમુખનું નામ/સરનામું | :- | શ્રી મહેન્દ્ર રાવ<br>૧૩૩, સ્નેહ નગર, સપના-સંગીતા રોડ,<br>ઈન્દોર, મધ્યપ્રદેશ-૪૫૨૦૦૧ |
| (૪) | માંગણી કરેલ પ્રતીકની વિગત | :- | 'માઈક' |

માલવા કોંગ્રેસની અરજી અનુસંધાને રાજકીય પક્ષ તરીકે નોંધણી કરવા સામે અને અથવા માંગણી મુજબનું ઉક્ત પ્રતીક સદર પક્ષને કામચલાઉ ધોરણે ફાળવવા સામે, આયોગના ક્રમાંક: રાચઆ-ચટણ-સ્થા.સ્વ.-૨૨૧(૭૭)-૩૨૦૨૬-ક, ૫૯૭૨ થી ૬૧૩૬, તા.૧૦-૦૩-૨૦૨૬ થી જાહેર નોટિસ આપી, નોટિસ પ્રસિદ્ધ થયાથી ૩૦ દિવસમાં વાંધા/સૂચનો મોકલી આપવા જણાવેલ હતું. આયોગની સદર નોટિસ રાજ્ય સરકારના અસાધારણ રાજપત્ર ભાગ-IV-Cમાં એક્સ્ટ્રા નં.૧૦૨ તા.૧૦-૦૩-૨૦૨૬ થી પ્રસિદ્ધ થયેલ છે. અને નિયત સમય મર્યાદામાં કોઈ વાંધા-સૂચનો રજૂ થયેલ નથી. નોંધણી માટે રજૂઆત કરનાર માલવા કોંગ્રેસની અરજીની વિગતોની આયોગે ચકાસણી કરેલ છે. તેથી હવે રાજ્ય ચૂંટણી આયોગ પુખ્ત વિચારણાને અંતે, સ્વરાજ્યના એકમોમાં પક્ષીય ધોરણે ઉમેદવારો ઊભા રાખી ચૂંટણી લડવા માટે ઉક્ત અરજદારને નીચેની શરતોએ માલવા કોંગ્રેસને નોંધાયેલ અમાન્ય પક્ષ તરીકે ગણવા તેમજ રાજ્ય ચૂંટણી આયોગના તા. ૦૮-૦૨-૨૦૧૨ના આદેશ ક્રમાંક: રાચપ-ચટણ-સ્થા.સ્વ.૨૨૧(૧)-૨૨૦૧૨-ક તથા સુધારા આદેશ ક્રમાંક:રાચઆ-ચટણ-સ્થા.સ્વ.૨૨૧(૧)-૧૨૦૧૮-ક, તા.૨૨-૦૧-૨૦૧૮ની જોગવાઈ હેઠળ સદર પક્ષને 'માઈક' પ્રતીક કામચલાઉ ધોરણે પાંચ વર્ષ માટે અથવા તેમાં ફેરફાર કરવામાં આવે તે બેમાંથી જે વહેલું હોય ત્યાં સુધી ફાળવવા અંગેનો આદેશ કરે છે.

**<u>શરતો</u>:**

(૧) પક્ષ ભારતના બંધારણમાં સાચી શ્રધ્ધા ધરાવશે અને તેને વફાદાર રહેશે. સમાજવાદ, ધર્મનિરપેક્ષતા અને લોકશાહીના સિદ્ધાંતો અને ભારતના સાર્વભૌમત્વ, એકતા અને અખંડીતતાનું સમર્થન કરશે.

(૨) પક્ષ, પક્ષના નોંધાયેલા સભ્યો અને પક્ષના ઉમેદવારો રાજ્ય ચૂંટણી આયોગ, ગુજરાતે સ્થાનિક સ્વરાજ્યના એકમોની ચૂંટણીઓ માટે વખતોવખત બહાર પાડેલ આદર્શ આચાર સંહિતાનું તથા તેની તે સંદર્ભે જારી કરવામાં આવેલ આદેશો / સૂચનાઓની જોગવાઈઓનું સંપૂર્ણ પાલન કરશે તેમજ તેનું પાલન કરવા બંધાયેલ રહેશે.

(૩) જાહેર જનતા અને ખાસ કરીને મતદારોના હિતોનું રક્ષણ કરવા મુકત, ન્યાયી અને શાંતિપૂર્વક ચૂંટણીઓનું સંચાલન બળવત્તર બનાવવાના હેતુથી રાજ્ય ચૂંટણી આયોગ તરફથી વખતોવખત આપવામાં આવતી સૂચનાઓ અને નિર્દેશોનો અમલ કરશે/પાલન કરશે.

(૪) પક્ષનું નામ, વડી કચેરીનું સરનામું, રાજ્ય કક્ષાની કચેરીનું સરનામું, પક્ષના રાષ્ટ્રીય / રાજ્ય કક્ષાના હોદ્દેદારો / પદાધિકારીઓના નામ કે અન્ય કોઈ અગત્યની ભૌતિક બાબતોમાં ફેરફાર થયેથી કે અન્ય કોઈ બીજી મહત્વની બાબતના ફેરફારની વિના વિલંબે રાજ્ય ચૂંટણી આયોગને જાણ કરશે. પક્ષના નામમાં ફેરફાર કરવા રાજ્ય ચૂંટણી આયોગની પૂર્વમંજૂરી મેળવશે.

(૫) રાજ્ય ચૂંટણી આયોગને અને સ્થાનિક સ્વરાજ્યના એકમોની ચૂંટણીના નિયુકત ચૂંટણી અધિકારીને પક્ષે ઊભા રાખેલ ઉમેદવારોના નામ મોકલવા પક્ષના અધિકૃત વ્યક્તિના નામ અને સહીના નમૂના મોકલશે.

(૬) પક્ષ તેના આવક-ખર્ચના સાચા હિસાબો નિભાવશે. ખાસ કરીને સ્થાનિક સ્વરાજ્યના એકમોની ચૂંટણીઓ સંબંધમાં પક્ષના સામાન્ય પ્રચાર માટે અને પક્ષ ઊભા રાખેલ ખાસ ઉમેદવારોના ચૂંટાવાની સંભાવના વધારવા ઉમેદવારદીઠ કરવામાં આવેલ ખર્ચના હિસાબો નિભાવશે.

(૭) નાણાંકીય વર્ષ શરૂ થયા પછીના એક વર્ષની અંદર, પક્ષના ઓડીટ થયેલ હિસાબો અને સંબંધિત વર્ષમાં અમલમાં હોય તે કાયદા હેઠળ ફાઈલ કરેલ આવક વેરાના રીટર્નની નકલ રાજ્ય ચૂંટણી આયોગને મોકલી આપશે.

(૮) પક્ષના સભ્ય સંખ્યા બળની આંકડાકીય માહિતી તથા સદસ્યોના સંવર્ગ હોય તો દરેક સંવર્ગની સંખ્યા તમામ સંવર્ગના કુલ સભ્યોનું સભ્ય સંખ્યાબળ ઓછામાં ઓછું ૧૦૦ હોવું જોઈશે. સદસ્યોના નામ, મતદાર યાદીમાં નોંધણી થયાની વિગત એટલે કે અદ્યતન મતદાર યાદીની નકલ રાજ્ય ચૂંટણી આયોગને મોકલી આપશે.

(૯) પક્ષ રાજ્યની કોઈપણ સ્થાનિક સ્વરાજ્યના એકમોમાં કોઈપણ પદાધિકારી / હોદ્દા અથવા સદસ્ય તરીકે પ્રતિનિધિત્વ કરતા હોય તો તે સ્થાનિક સ્વરાજ્યના એકમોનું નામ તથા તેમાં હોદો ધરાવતા સભ્યો/પદાધિકારીની સંખ્યાની વિગતો મોકલશે.

રાજ્ય ચૂંટણી આયોગના આદેશ ક્રમાંક : રાચપ-ચટણ-સ્થા.સ્વ.-૨૨૧-૧૧૨૦૧૧-ક, તા.૧૯-૧૧-૨૦૧૧ના ફકરા ક્રમાંક: ૫ માંની જોગવાઈ મુજબ રાજ્ય ચૂંટણી આયોગ રાજકીય પક્ષની નોંધણી રદ કરી શકશે.

નોંધાયેલ પક્ષ તરીકે ઉપરોકત શરતો તથા રાજ્ય ચૂંટણી આયોગે સમયાંતરે જે સૂચનાઓ/ આદેશો બહાર પાડે તેનો ચુસ્તપણે અમલ કરશે.

પક્ષ માટે કામચલાઉ ધોરણે અનામત રાખેલ ‘માઈક’ પ્રતીકની આકૃતિ/ચિહ્ન નીચે મુજબ રહેશે.



રાજ્ય ચૂંટણી આયોગના આદેશથી,

**આર. જી. ગોહિલ,**

સચિવ.

------------

Government Central Press, Gandhinagar.

Signature Not Verified
Signed by : BHOLUSINGH G THAKUR
Senior Manager
Government Central Press,
Gandhinagar
Date : 2026.05.18 21:01:39 IST